સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

કેજરીવાલની 'આદર્શ' પાર્ટીનો થાય છે કચરો,
સાંસદ-વિધાન સભ્યોની નિષ્ઠાનો થાય છે કચરો,
ને ભાજપની ભૂંડી ભાંજગડનો થાય છે કચરો!
દિલ્હીમાં સત્તાની દોરડાં ખેંચનો થાય છે કચરો!
(દિલ્હીમાં 'કચરો')

હાઈકુ

બેઠી માખીઓ -
દિલ્હી કચરા પર -
રાજકારણી..
(વિરોધ પક્ષોનાં નિવેદનો)

એલ્જીને સોંપી -
દાખલ થઇ જાવ!!
દવાખાનામાં..
(કીડી પર કડક)
કેજરીવાલ

ચિંતન

કિં જન્મના ચ મહતા પિતૃ પૌરૂષેણ શક્તયા હિ યાતિ નિજયા પુરુષઃ પ્રતિષ્ઠામ ।
કુંભા ન કૂપમપિ શોષયિતું સમર્થાઃ કુંભો ઉદ્ભવેન મુનિનામ્બુધિરેવ પીતઃ ॥

'પુરુષ પોતાની શક્તિ-પરાક્રમ-કાર્યો દ્વારા જ પ્રતિષ્ઠા-કીર્તિને પામે છે, કોઇ ઊંચા કુળમાં જન્મને કારણે નહીં. પોતાના કુળના વડીલો કે પિતાએ કરેલાં પરાક્રમોને કારણે પણ તેની પ્રતિષ્ઠા થતી નથી.'

જેમ ઘડો-ગમે તેટલો પ્રયત્ન કરે તો પણ કૂવો કે સમુદ્રને શોધી શકતો નથી પરંતુ ઘડામાંથી ઉત્પન્ન-જન્મેલા ઋષિ-મુનિ અત્સ્ય એ એકલા માત્ર આખો સમુદ્ર પી ગયા હતા.

માણસો પોતાના પરાક્રમ-શક્તિ-સામર્થ્યથી જ આગળ આવવું જોઇએ અને ખ્યાતિ પ્રાપ્ત કરવી જોઇએ. પિતાની શક્તિ-પરાક્રમથી જે ખ્યાતિ મળે એ નકામી છે. ઊંચાકુળમાં જન્મ થવો એ પણ મહાનતા માટેનું કોઇ વાજબી કારણ નથી.

આજે રાજકારણમાં આગળ આવતાં સંતાનો કે ફિલ્મક્ષેત્ર કૌટુંબિક-પારિવારિક કલાકારોનું પણ આવું જ છે.

લાગવગથી તક મળે પણ પોતાની નામના ઊભી થઇ શકતી નથી. આત્મબળ અને આત્મશક્તિ જ સાચી ઉન્નતિનું કારણ થઇ શકે.

સુવિચાર

- રાતનો અંધકાર ગમે તેવા ગાઢ હોય એ ચિરીને પ્રભાત થાય જ છે... આસ્થાનો અસ્ત ન થવા દઇએ, તો પ્રકાશનું વરદાન અવશ્ય પ્રાપ્ત થવાનું જ છે - એસ. ભટ્ટાચાર્ય
- લોકોમાં શક્તિની ન્યૂનતા નથી હોતી, પણ સંકલ્પ શક્તિની ન્યૂનતા હોય છે. કમજોર સંકલ્પશક્તિવાળા લોકો આજના કામને આવતીકાલ પર ઠેલીને મળેલી તકના ખમીરને સ્વહસ્તે જ ધરાશાયી કરી નાખે છે - માનવસૂત્ર
- લાભને 'શુભ' નહીં, 'શુભ' ને જ લાભ ગણે એના જીવનનાં ચોપડા સાચા.. અર્થ ખાતર ધર્મ સાથે અવળચંડાઇ ન કરે તેનું નામ સુજ્ઞ સંસ્કારી, 'સંસ્કારિતા' એ એકલા ઓઢીને ફરવાની મોંઘી શાલ નથી, પણ અનેકને બેસાડવાની જાજમ છે - ડો. ચંદ્રકાન્ત મહેતા
- માણસો બીજા કારણો વિશે માને તે 'કીર્તિ' અને માણસો વિશે દેવોને જે જાણ હોય તે માણસનું 'ચારિત્ર્ય' - ધર્મસૂત્ર
- માણસને પ્રજ્ઞાવાન સાથે શીલવાન ન બનાવે તે બુદ્ધિ વરદાન નથી પણ અભિશાપ છે - રમેશ ઓઝા
- પોતે ઠરવાની પણ અન્યને બાળવાની માણસની બુદ્ધિહીનતા એ જ આ જગત પાસેથી એની સ્વાભાવિક શાંતિ છીનવી લીધી છે - પૂજ્ય મોટા
- કરો અહંનું તાપણું પછી સ્વજનોને કહો કે આ ઘર આપણું - હરિન્દ્ર દવે

(સંકલન : દિપક વી. આસરા)

બોધ કથા

જ્યાં સુધી માણસના જીવનમાં 'અસંતોષ' હશે ત્યાં સુધી કોઇ ભૌતિક બાબતો તેને હાથવગી હશે તો પણ સુખ નહીં આપી શકે - એને કોઇને કોઇ વાતની 'કમી' લાગ્યા જ કરશે.

એક ખેડૂત ભગવાન બુદ્ધ પાસે આવ્યો અને કહ્યું, ભગવાન હું ખૂબ દુઃખી અને ચિંતામાં રહું છું મને સુખ-શાંતિ ક્યારે મળશે?

ભગવાન બુદ્ધ કહે તમે શું કરો છો? અને પરિવારમાં કોણ કોણ છે?

ખેડૂત કરે - અમારી પારિવારિક ખેતી છે બે મોટા દીકરા ખેતી સંભાળે છે બે દીકરી પરણી ગઇ છે અને ઘેર સુખી છે. પત્ની પણ ઘરરખ્ખુ ને આજ્ઞાંકિત છે... પણ...

ભગવાન કહે - બસ, આનાથી વિશેષ શું જોઇએ... પણ શું?

ખેડૂત કહે - પડોશનું ખેતર મને ખરીદવું છે એ સમજતો નથી. ખૂબ વધારે ભાવ માગે છે, વાવાઝોડાં અને કમોસમી વરસાદથી ખેતીમાં અવારનવાર ખોટ જાય છે. લોનના હપ્તા ભરવામાં મુશ્કેલી પડે છે...

ભગવાન કહે - ભાઇ હું તારી તકલીફોના અંત લાવી શકું એમ નથી. આમ છતાં તને એમ લાગે કે આ મારી છેલ્લી ઇચ્છા તકલીફ છે ત્યારે મારી પાસે આવજે..!

ખેડૂતને નવાઇ લાગી એણે પુછ્યું - છેલ્લી ઇચ્છા એટલે..?

ભગવાન કહે - ઇચ્છાઓ - માગણીઓનો અંત કદી પણ આવતો જ નથી, ભાઇ!!

Email - sureshchandrabhatt18@gmail.com

આંચલિક પરિવેશની અભિવ્યક્તિ દ્વારા હૈયે ઉગ્યાં ને હોઠે આવ્યાં તે શબ્દના વિનિયોગની કવિતા

શબ્દ સમીપે

- નટવર હેડાઉ

કવિતા અને તેની અંદર રહેલ કાવ્યપદાર્થ વિષે વિદ્વાનોમાં મતમતાંતરો ચાલ્યાં કરે, કવિતા આવી જ હોવી જોઇએ, તેવી કોઇ વ્યાખ્યા કરે તો તે ખોટી પડવાની સંભાવના છે કેમ કે કવિતાએ સાંભળવા માટે ભલે કાનની કળા કહેવાતી હોય પણ હૃદયમાંથી ઊતરી આવતી કોઇ તે અંતર ઝરણાનું પ્રાગટ્ય છે એમ કહેવામાં જરાય અતિશયોક્તિ નહીં ગણાય. આવા અંતર ઝરણાનો કલકલ નાદ એટલે જ કદાચ કવિતા. તેના વિષે કવિ ખુદ એમ કહેતા હોય કે -

બોલચાલની ભાષા મારી, લટકણિયા શું લટકા'વાં?
પોણી ગુજ્જુ સમજે નહીં તે, ચોખલિયા શું ટપકા'વાં?

આવું કહેનાર કવિ માટે જાણીતા લોકગાયક પ્રફુલ્લ દવે કહે છે કે, 'અચલની કવિતા માના ધાવણ જેવી છે. પીધા પછી પચી જાય એવી કારણ કે એ ભાષાના પંડિત નથી. પણ બોલચાલની ભાષાનો બાજંદો જરુર છે.'

હાં, આજે મારે તમને એક એવા ગ્રામીણ પરિવેશ ને અભિવ્યક્ત કરતા કવિની કવિતાનો પરિચય કરાવવો છે. જેના ગીત સંગ્રહનું નામ 'અષ્ટાક્ષરી' છે. અષ્ટાક્ષરી એટલે 'અચલ' અમરેલીયાના આઠ અક્ષરનો સરવાળો માત્ર નથી. પણ કવિતા શ્વાસ, ઉચ્છવાસ અને સાધનોનો સંચય છે. તેમ કવિ ખુદ કહે છે.

'અષ્ટાક્ષરી' ગીત સંગ્રહમાંથી પસાર થતાં ભાવકને ૧૧૪ જેટલાં ગીતો સહિત ૧૧૫નું કવિનું નિવેદન પણ ગીતકાવ્ય રુપે મળે છે જેની પંક્તિઓ મેં શરુઆતમાં જ ટાંકી છે. પ્રા. ડો. બેચરભાઇ પટેલ 'સ્થિતપ્રજ્ઞ' 'અચલ' અમરેલીયાની આંચલિક ગીત સૃષ્ટિનો પરિચય પ્રસ્તાવના દ્વારા કરાવે છે. તેઓ જણાવે છે કે 'અચલ'ની કવિતાનું કાવ્ય વિશેષતઃ 'ગીતાયન' છે અનુ આધુનિક યુગની ગ્રામ્ય - ગ્રામીણ ભૂમિકા ભાવ-ભાષા બોલીનમો આ પ્રતિનિધિ કાવ્યસંગ્રહ છે. ગ્રામીણ પરિવેષ, ભાવ-ભાષા બોલીનો આ પ્રતિનિધિ કાવ્યસંગ્રહર છે. ગ્રામીણ પરિવેશ, ભાવ, વિચાર, કલ્પનાની અનુભૂતિની લોક બોલીમાં રોમાંચક સુગેય અભિવ્યક્તિ અચલની આગવી રીતે પ્રત્યક્ષ થાય છે. જેમ કે -

'એમ લાગણીના ભીના છે ચાસ,
કહો લાગણીના હરિયાળા ચાસ.'
ગોરંભાતા વાદળના દળ, ટહુકે ભમ્મર થાય,
જીવડો કૂદક કૂદક હરખાય...

વળી અચલનાં આ ગીતો આપણા લોકગીત અને લોકગીતની પરંપરામાં કલાગીતની સમૃદ્ધિ દર્શાવે છે. રાધાકૃષ્ણની ભક્તિ પ્રેમની ગીત સૃષ્ટિ યુગોથી ચાલી આવે છે. તેને કવિ અનુસરે છે અને 'બંસી કે રાધા' ની મીઠી મુંઝવણ નિરુપે છે. તો 'મોરપિચ્છ'નું પ્રેમપૂર્ણ સૌંદર્ય પણ વર્ણવે છે. કવિ અચલ 'મીરાનું મેવાડ' આલેખે છે. એમનાં ગીતોમાં 'મધુવન બાગ' મહેંકે છે ને 'વેણું વાગે છે.' રાધા-કૃષ્ણ ગોપીના પ્રશ્નોત્તર સંવાદ ગુજે છે ને બંસરીના સૂર સંભળાય છે. વ્રજ-વૃંદાવનનું 'અચરજ' વર્ણવાય છે. નટખટ કૃષ્ણની લીલા ગવાય છે. જે રાધાની વેદના ને વાચા આપે છે. મીરાની જેમ કવિ શબરીને પણ યાદ કરે છે. પણ અહીં રાધાકૃષ્ણના ગીતોમાં પ્રેમ લક્ષણા ભક્તિ નથી. ગોપજીવનનો રોમાંચ અને પ્રણય પાત્રોની વિષયનું નાવિન્ય નથી પણ ભાવ-ભાષાના વળાંકનું છે. તેથી જ કવિ અચલના રાધાકૃષ્ણ ગ્રામ જીવન ન છેલછબીલા જુવાનડાં પણ બની જાય છે. કવિએ પ્રત્યક્ષ રીતે પણ ગ્રામીણ યુવાયુવતીઓની પ્રેમલીલાને ગાઇ છે. એ એમની ગીતસૃષ્ટિની આગવી ભાત ઊભી કરે છે. તેથી આવું ગીત આપે છે.

'તમે ઝાંઝર ગમે કે ગમે વીંટી?
વગાડ જરા હળવેથી સીટી'

કવિના 'એક છોરો,' 'સાગર', 'ઘેલી', 'કહે કરીશું કરીએ?' જેવી રચનાઓમાં ગ્રામજીવનની મસ્તી છલકાય છે. ગ્રામજીવનનો આ પરિવેશ માત્ર ભૂમિકા બનીને અટકી જતો નથી. કેટલીકવાર પાત્ર અને વિષય પણ બને છે. 'ભૂલકા' માં ગ્રામ અને સીમનું ચિત્ર સાકાર કર્યું છે. તો કવિએ 'હક્કા કાકા'નું ગ્રામીણ પાત્ર પણ ખડું કર્યું છે. ગ્રામીણ પાત્રોના પ્રણયના વિવિધ ભાવો કવિએ પોતાની વાસ્તવિક લાક્ષણિક શૈલીમાં ગાયા છે. આ કવિ જ ગામડિયો કવિ છે. આ ગામડિયો કવિ 'માવડિયો' કવિ બને છે ત્યારે 'મા નથી'ની વેદનાને ભાવસભર રીતે આમ વર્ણવે છે.

'મા! ભલે હો મા, જેને છે તેને વંદના,
મા વગરના હોય એને પુછજો કેવું રહે?
એક એવી હોય, બીજી આ, ને ત્રીજી હોયના,
શબ્દ પહેલો મા! અને છેલ્લો નથી'

કવિએ પોતાનાં આ ગીતોમાં હૈયે ઉગ્યાંને હોઠેઆવ્યા તેવો શબ્દનો વિનિયોગ કર્યો છે. એ ગ્રામ બોલીના તળપદા શબ્દો તેના લહેકા લક્ષણો સાથે પ્રયોજે છે. ગેયતા એમને સિદ્ધ છે. એટલે જ એમનું 'કલાગીત' કેટલેક અંશે 'લોકગીત' બને છે. ક્યારેક તો ભાવક એ ગીતના શબ્દાર્થમાં ગોથું ખાઇ જાય એ હદે કવિએ ગ્રામીણ શબ્દો ગીતોમાં ગુંથ્યા છે. આ ગીતોના વિષયની વાત કરીએ તો કવિએ પ્રણય, પ્રકૃતિ અને પ્રભુતાના સનાનત વિષયો ભલે ખેડ્યા હોય પણ તેમાં તેમનું પોતાનું આગવું કાવ્ય સૌંદર્ય દેખાય છે.

કવિ આજના યુગના વિષયોને પણ સ્પર્શે છે. તેમણે 'દલિતા'માં દલિત નારીની વિવશતા દર્શાવી છે તો સાથોસાથ મુંબઇ - ૨૬/૧૧ માં આતંકવાદ સાથે આપણી લાચારીને નિષ્ક્રિયતાને પણ નિશાન બનાવ્યું છે. 'મંદિરની ધજા' માં ધરતીકંપની તારાજીની વેદના છે. તેમાં કવિ સાંપ્રત જાહેર જીવનની સમસ્યાને સ્પર્શે છે અને લોકલાગણીનું પ્રતિનિધિત્વ કરે છે. તેમ છતા કવિની કવિતાનો રાજમાર્ગ પ્રેમ છે. આ કવિ પ્રકૃતિ - પ્રભુતા અને જીવનના ઉલ્લાસનો રંગદર્શી કવિ છે. તેનામાં ગ્રામજીવન અને ગોપ જીવનનો આનંદ અનુભવાય છે. જે કવિની કાવ્યસૃષ્ટિમાં એક વિશિષ્ટ આંચલિક વિષય રુપે ઊભરી આવે છે. અને આપણને સૌરાષ્ટ્રના દૂરના ગ્રામ્ય વિસ્તારમાં લઇ જાય છે. ત્યારે આત્મલક્ષી ભાવો વ્યક્ત કરતા ગીતનું લપચીકપણું, તળપદપરિવેશ અને આંચલિક ભાષા કવિને માટે અનુકૂળ અને હાથવગું સાધન છે. તેમનાં ઘણાં ગીતોનો ઉપાડ આશ્ચર્ય અને આનંદકારક છે. આત્મસંવાદની મસ્તીમાં એમણે તળપદા શબ્દોને સરાને ચડાવ્યા છે. 'અચલ મુદ્રાની મિતાક્ષરી' રૂપે હસમુખ શાહ 'બેઝાર' સાસ્તાપુરીએ પ્રતિભાવ વ્યક્ત કર્યો છે. જેમાં કવિના જીવન કવન વિષે વિગતે પ્રકાશ પાડવામાં આવ્યો છે.

'અષ્ટાક્ષરી' ગીત સંગ્રહના કવિ અચલ અમરેલીયાનો આ ત્રીજો સંગ્રહ છે. આ અગાઉ કવિના બે ગીત - ગઝલ સંગ્રહ પ્રગટ થયા છે. 'અચલધારા' અને 'મેઘરવો' અમેરલી ગામના વતની તરીકે તેમની અટક જોડાયેલી છે. એમાં કવિ ચંદ્રકાન્ત અમરેલીયા એસ.ટી. વર્કશોપમાં લોઢા સાથે બથ ભરતાં ભરતાં કવિતા, ગઝલ, નઝમ સાથે નાતો જોડી બેઠા છે. કવિના આ સંગ્રહને આવકારું છું અને તેમને અભિનંદન પાઠવું છું.

અષ્ટાક્ષરી (ગીત સંગ્રહ)
કવિ - અચલ અમરેલીયા
પ્રકાશક - મધુ પ્રકાશન, હિમધારા નં-૧, નંદનવન પાર્ક
બોપલ, અમદાવાદ-૫૮, કિંમત - રૂા. ૧૨૦/-
પ્રથમ આવૃત્તિ - ૨૦૧૨, સંપર્ક સૂત્ર - ૯૯૭૫૦૭૦૭૭૨

સકારાત્મક વિચારો મનને સુંદર અને હળવાફૂલ રાખે છે, તો નકારાત્મક વિચારો મનને ભારી તેમજ અસ્વસ્થ કરે છે

રસ્તે રઝળતી વારતા

- અયના કમલેશ

આજની મહિલાનું જીવન વધુ પડતું દોડધામ ભર્યું અને તણાવયુક્ત થતું જાય છે. અસહ્ય મોંઘવારી, આર્થિક તંગી, તેમજ વધુ પડતી વ્યસ્તતાની આડઅસર માનવીનાં તન-મન પર પડે છે અને અકાળે જ તે માનસિક તણાવનો ભોગ બને છે. સ્વસ્થ તંદુરસ્ત જીવન માટે, આહાર, શિસ્તપાલન તેમજ વ્યાયામ જેટલા મહત્ત્વનાં છે, તેનાથી પણ પણ અનેક ગણું મહત્ત્વ વિચારોનું છે. સકારાત્મક વિચારો મનને સુંદર અને હળવાફૂલ રાખે છે. તો નકારાત્મક વિચારો મનને ભારી તેમજ અસ્વસ્થ કરે છે. જેની અસર તન-મન પર પણ પડે છે. આ વસ્તુનો ભોગ મોટે ભાગે મહિલાઓ બનતી હોય છે. મહિલાઓની સાવ સામાન્ય નકારાત્મક વર્તણૂંક અહીં દર્શાવી છે. જેને લીધે માનસિક તણાવ ઉત્પન્ન થાય છે.

➞ કોઇના ઘરની ડોરબેલ વગાડતાં જ દરવાજો ન ખૂલે તો વારંવાર બેલ વગાડવો.

➞ પાડોશીનો કાગળ આવ્યો હોય તો વાંચવાનો પ્રયાસ કરવો.

➞ સામેની વ્યક્તિને પૂછ્યા વગર તેના ફોનનો ઉપયોગ કરવો.

➞ પ્રથમ મુલાકાતમાં જ અંગત વાતો જાણવાનો પ્રયાસ કરવો.

➞ જાહેર સ્થળો પર મોબાઇલમાં મોટે-મોટેથી વાતો કરવી.-

➞ સોરી, ધન્યવાદ જેવા શબ્દોનો ઉપયોગ ન કરવો.

➞ અન્યોનાં અખબાર, પુસ્તકો, સામયિકો વાંચવા લઇ આવ્યા પછી પાછા ન આપવા.

➞ પાડોશીનું ઘર બંધ હોય તો તેનું અખબાર ચુપકેથી ઉપાડી લઇ વાંચ્યા પછી જ પાછું આપવું.

➞ કોઇ પણ લાઇનમાં ઊભા ન રહેતાં વચ્ચે ઘુસી નાહકનો ઝઘડો ઊભો કરવો.

➞ વારંવાર ઘરની કોઇ જરૂરિયાતની ચીજો જોવી કે ચા, ખાંડ, દૂધ વગેરે માગવા જવી.

➞ આડોશી-પાડોશીને કોઇને કોઇ વાતે ખલેલ પહોંચાઠવી.

➞ વાતવાતમાં લોકોને સલાહ આપવી.

➞ પોતાના સંતાનો તોફાન-મસ્તી કરતાં હોય તો અન્યોને ત્યાં મોકલી દઇ પોતે 'હાશકારો' કરવો.

➞ સ્વયંમને સર્વશ્રેષ્ઠ સાબિત કરવાની આદત વગેરે...

ઉપર દર્શાવેલ દરેક બાબત માનસિક તણાવ ઉત્પન્ન કરે છે. એક ઘટના દ્વારા હું દર્શાવું છું કે આ તમામ બાબતોનો માનસિક તણાવ સાથે સંબંધ છે? નકારાત્મક વિચારસરણીવાળી સામાન્ય મહિલાઓમાં ફાલ્ગુની પણ એવી જ હતી. દરરોજ સવારે દૂધ લેવા જાય ત્યારે દૂધવાળા સાથે બોલાચાલી કરે પછી ઘરે પાછી ફરતી હોય તો રસ્તે ચાલવા નીકળેલા લોકો વિશે વિચારતા બોલે કે ' આ શું સવાર સવારમાં નવરા પડી જાય ચાલવા?' ત્યારબાદ ઘરે આવ્યા બાદ જયારે ઘરનું કામ કરતી હોય તો વચ્ચે તેનો પતિ કે છોકરા નાની બાબતે બોલાવે ત્યારે એ લોકો પર ચીડાઇ જાય, ત્યારબાદ કામવાળી સાથે રજકજ કરે. શાકભાજીવાળા સાથે ૨ રૂપિયા માટે મોટો ઝઘડો કરે. આ તમામ વસ્તુ નકારાત્મક છે અને બેમતલબ છે. કારણ કે આ તમામ ઘટનામાં થનારી વસ્તુ અર્થહીન છે. હવે, ફાલ્ગુનીનો દિવસ જ જાયરે નકારાત્મક સાથે શરુ થાય તો એને દિવસભર માનસિક તણાવ રહે જ ને. અંતે પછી એવું પણ બની શકે કે તે ડ્રિપેશનનો ભોગ બને.

જીવનમાં હંમેશા સકારાત્મક વિચારતા રહેવું જોઇએ. ખાસ કરીને મહિલાએ કારણ કે દિવસ દરમિયાન તેણે બહુ જ ભાગદો કરવાની હોય છે. આવામાં નાની નાની બાબતે માથા પર ભાર લેવો એ હિતાવહ નથી.

ડ્રિપ્રેશન છે તો, નાનકડો શબ્દ પણ એ જીવનમાં ક્યારેક ગંભીર સ્વરુપ પણ ધારણ કરી શકે છે. તેની ખબર પડતી નથી. આવી સામાન્ય બાબતોનો બોજો માથા પર લઇને ચાલવાથી અને બધા સાથે વારેવારે ઝઘડવાથી પોતાનું આત્મસન્માન બીજાની નજરમાં ગુમાવી દઇએ છીએ. આ બધી આદતોને સુધારવી એ મહિલાની પ્રથમ પ્રાથમિકતા છે.

માનસિક તણાવમાંથી બચવા માટે સૌપ્રથમ તો દરેક બાબતે સકારાત્મક વલણ રાખવું જોઇએ. સકારાત્મક વલણથી મગજ શાંત રહે છે. પરિણામે આપણને કોઇ પણ પ્રકારની અશાંતિ અનુભવાતી નથી. જીવનને તો એમાં મુશ્કેલી આવ્યા કરે પણ એ તમામ મુશ્કેલીનો ભારો પોતાના માથા પર મુકી પોતાને તેમજ બીજાને નુકશાન પહોંચાડવું અને પોતાની સ્વમાનતાને ઠેસ પહોંચાડવી એ નકામું છે.

ટેન્શન તો જીવનમાં દરેકને હોય છે પણ એને બધાને દેખાડવાની જરુર નથી. અગાઉ દર્શાવેલ નાની-નાની બાબત જ માનસિક તણાવને નોતરે છે. પરિણામે તમારું મન કશે લાગતું નથી. જરુર છે તો એ આદતોને સુધારવાની. કોઇના ઘરનો ડોરબેલ વારંવાર વગાડતા રહેવું એ ક્યાંની સભ્યતા થઇ? સામે વાળી વ્યક્તિ કામમાં વ્યસ્ત હોય તો જ દરવાજો ન ખોલે એ સામાન્ય બુદ્ધિ એ સમયે વાપરવી જોઇએ.

અખબાર એ સાવ નજીવી કિંમતનું હોય છે પણ પડોશીનું ઘર બંધ હોય તો એમનું અખબાર લઇને વાંચીને આપવું એ ખૂબ જ ગંદી આદત છે. કોઇની પર્સનલ વસ્તુને હાથ નહીં લગાડવો એ વસ્તુ તમામને ખબર હોય છે પણ લોકો તેને ફોલો કરતાં નથી. ઘણી મહિલાઓને એવી આદત હોય છે કે બધાને વાતે-વાતે સલાહ આપે પણ એ સલાહ પોતાના જીવનમાં ઉતારતા નથી. જો એ વાત પોતાના જીવનમાં અનુસરે તો તેમની જીવન જીવવાની શૈલીમાં ફેરપાર જોવા મળે.

મોટેભાગે તમામ મહિલાઓને કશે પણ જવાનું હોય અથવા કોઇને મળવા માટે સમય આપ્યો હોય તો પણ સમયસર પહોંચતા નથી. આ કુટેવ સુધારવાની લોકો પર સારો પ્રભાવ પડે છે અને સમયના પાબંધ થવાય છે અને તમામ કાર્ય સમયસર પૂરા થાય છે.

ઘણી મહિલાઓ બધી જ જગ્યાએ એવી રીતે વર્તન કરતી હોય છે કે જાણે તે પોતાના ઘરમાં હોય, પણ હકીકતમાં આ વાત ખોટી છે પારકી જગ્યાએ ખૂબ જ ખંતપૂર્વક વર્તન કરવું જોઇએ જેથી સામેવાળાને એવું લાગે કે આપણ સારા ઘરની મહિલાઓ છીએ.

દરેક મહિલાએ જગ્યા અને પ્રસંગ જોઇને વર્તન કરવું જોઇએ. ઘણી મહિલાઓનો સ્વભાવ એવો હોય છે કે કોઇની સાથે કોઇપણ અણબનાવ બને તો તરત જ એ વાતને લઇને ઊંઘી સીધી બનાવી આખા ગામમાં ફેલાવવાનું ચાલુ કરી દેશે. એ ખૂબ જ ખરાબ આદત કહેવાય. કારણ કે કોઇ વ્યક્તિ સાથે કોઇ અણબનાવ બન્યો હશે તો એની પાછળ ચોક્કસ કારણ હોય. આવી ખોટી-ખોટી અફવા ફેલાવીને બધાને બદનામ કરવા એ ઘણી મહિલાઓ કરતી હોય છે એવું ન કરતા જેની સાથે ઘટના બની તેને સાંત્વના આપવી.

ઘણી મહિલાઓ એટલે બેસી આખો દિવસ પંચાત કરતી હોય છે અને એ લોકોના ઘરમાં ખૂબ જ ગંદકી ફેલાયેલી હોય છે. 'મહિલાઓ ઘરનું સૌથી કિંમતી ઘરેણું છે.' જો એવું દરેક મહિલા સમજે તો માનસિક તણાવથી હંમેશા માટે છૂટકારો મેળવે. મહિલાઓને મિલનસાર અને દયાળું કહેવામાં આવે છે તે આ વસ્તુ તમામ મહિલાઓએ સમજીને નાની-નાની વાતો પણ ઝઘડા ન કરતાં તણાવમુક્ત રહેવાય છે.

જો ગુજરાતી ભાષામાંથી જોડણી જ નીકળી જાય તો તે ભાષા ન રહેતાં એક લોકબોલી બની જાય, જે આપણે સુસંસ્કૃત થયા પહેલાં, આપણા વડવાઓ વાપરતા હતા

ગુજરાતીને સમૃદ્ધ અને ગૌરવવંતી બનાવીએ!

- ચર્ચાસભા

- મૂળજીભાઈ પરમાર 'દધિ'

(આગળનું ચાલુ....)

ગુજરાતી શબ્દોની સાચી જોડણી વિષે વર્ષોથી ચર્ચાઓ થતાં, બહુજનમાન્યની ત્રુટિ મહાત્મા ગાંધીને ખટકતાં, તેમની શુભપ્રેરણાથી, ગૂજરાત વિદ્યાપીઠ દ્વારા સને ૧૯૨૯માં ગુજરાતી 'જોડણીકોશ' પ્રગટ કરવામાં આવ્યો, જે અન્વયે ઇ.સ. ૧૯૪૦માં મુંબઇ સરકારે એવો હુકમ બહાર પાડ્યો કે 'જોડણીકોશ' માં નક્કી કરાયેલ જોડણીને અનુસરે એવાં જ પુસ્તકોને, પાઠ્યપુસ્તકોની મંજૂર થયેલી યાદીમાં મુકાશે. આમ સરકારો જોડણીને મહત્વ આપી, તેની યોગ્યતા, પાત્રતા અને અનિવાર્યતાને પ્રતિપાદિત કરી હતી. પરસ્પર સંગતિ-વ્યવહાર વધતાં અને ગુજરાતી ભાષાના શબ્દોનાં કાળ-કાળનાં રૂપાંતરો જોતાં, ભાષા ઉત્તરોત્તર સુધરતી આવી છે.

અને બહુજનમાન્ય એવી જોડણીની વ્યવસ્થા ગોઠવાતી જાય છે. ત્યારે, બધા અનુકૂળ થાય તો ઇષ્ટ હેતુ સફળ થાય. જો ગુજરાતી ભાષામાંથી જોડણી જ નીકળી જાય તો તે ભાષા ન રહેતાં એક લોકબોલી બની જાય, જે આપણે સુસંસ્કૃત થયા પહેલાં, આપણા વડવાઓ વાપરતા હતા. હા, લોકબોલીથી વ્યવહાર તો ચાલે જ છે, પરંતુ સુસંસ્કૃત સમાજના સ્થાનમાં ચોક્કસ ઉણપ-ખોટ સર્જે છે, તે પણ તેટલું જ કડવું સત્ય છે. જયારે ગુજરાત માટે સ્વતંત્ર યુનિવર્સિટી સ્થપાઇ છે અને તેનું માધ્યમ ગુજરાતી ભાષા બન્યું છે અને ભાષાનું ખેડાણ પરિપૂર્ણરુપે કરવા માટેનાં દ્વાર ખુલ્યા છે ત્યારે; જોડણી પ્રત્યે સૂગ રાખી, તેની અવગણના કરીએ તો આપણે અર્વાચીન નહીં પરંતુ પ્રાચીનયુગ તરફ પાછા વળી રહ્યા છીએ તેવું કહી શકાય. ગુજરાતી ભાષામાં થયેલી જોડણીની વૃદ્ધિ એ આપણી ભાષામાં થતી અભિવૃદ્ધિ અને તેના વિકાસનું પણ નિદર્શક ગણાય.

કોઇ પણ સાહિત્યનું પછી ભલે તે અંગ્રેજી, ગુજરાતી, હિન્દી કે સંસ્કૃત અથવા અન્ય હોય, તેનું પરિણામ ઊંચું કે નીચું આવવાનું કારણ ભાષાની જોડણી કે તેને સંલગ્ન બાબતો નથી, પરંતુ મુખ્ય કારણ તો ગુજરાતી ભાષા શીખવાતા શિક્ષકોની ઉદાસીનતા, ભાષા પ્રત્યેની તેમની પ્રતિબદ્ધતાનો અભાવ, તેમની અણઆવડત જ જવાબદાર છે. જટિલમાં જટિલ વિષયોમાં જો ૧૦૦ માંથી ૧૦૦ માર્ક્સ મેળવી શકાતા હોય તો, ભાષામાં કેમ નહીં? આપણી કમનસીબી એ છે કે, આપણે કૌટુંબિક-સમાજમાં 'બોલી' બોલીએ છીએ અને 'ભાષા' પ્રત્યે જાણ્યે-અજાણ્યે બેધ્યાન રહીને દોષનો ટોપલો બીજાના શીરે ઢોળીએ છીએ. જો શિક્ષકો અન્ય વિષયોની જેમ ગુજરાતી ભાષામાં પણ દિલથી રસ લઇને પોતે પારંગત બને તો, મને લાગે છે કે, વિદ્યાર્થીઓને તે સુરુચિપૂર્ણ રીતે શીખવીને ૯૦% થી પણ વધુ માર્ક્સ મેળવી શકી તેવા તૈયાર કરી શકે, પરંતુ એ માટે તો 'પ્રતિબદ્ધતા' જોઇએ.

માત્ર વાક્ય રચનાની શુદ્ધિને મહત્ત્વ આપવાથી ગુજરાતીનું શૈક્ષણિક પરિણામ સુધરે તેમ કહેવું કદાચ અતિશયોક્તિભર્યું કહી શકાય; કારણ કે, સાચી જોડણી વિના વાક્યરચનાની શુદ્ધિ શક્ય નથી. અંગ્રેજી ભાષાની વાક્ય રચના તેની જોડણી (સ્પેલિંગ્સ) ખૂબ જ અઘરી હોવા છતાં અને તે પરદેશની ભાષા હોવા છતાં, જો શિક્ષકો તેમાં ખંતથી - પદ્ધતિસર ભણાવીને વિદ્યાર્થીઓને ૧૦૦ માંથી ૯૯ માર્ક્સ અપાવી શકતા હોય તો પોતાની જન્મગત માતૃભાષા ગુજરાતીમાં પણ શિક્ષકો સજ્જ થઇને શીખવી શકે અને વિદ્યાર્થીઓની રૂચિ કેળવી, સરળતાથી શીખવી શકે છે એમાં કોઇ શંકા નથી.

છંદ, સમાસ, સંધિ, અલંકાર, પ્રત્યય વગેરેને હટાવવાથી ગુજરાતી ભાષામાં વિદ્યાર્થીઓ શ્રેષ્ઠતા પૂરવાર કરીને, ઊંચા ગુણે પાસ થશે અને નાપાસ નહીં થાય તેમ કહેવું પણ સત્યથી ઘણું વેગળું છે - તર્કહીન બાબત છે.

ગુજરાતી ભાષામાં વપરાતાં અલંકાર, છંદ, સમાસ, સંધિ, પ્રત્યય વિગેરે તો આપણી ભાષાને શણગારતા, તેને દૈદીપ્યમાન બનાવી ઝળકાવતા અને તેને આગવું અને અનેરું સ્થાન આપતા મૂલ્યવાન આભૂષણો છે અને તેને પરિણામે જ ભાષાની શોભાગરિમા વધે છે. ગુજરાતી ભાષામાંથી જો આની બાદબાકી કરીને, માત્ર વાક્ય અને રચનાને મહત્ત્વ આપવામાં આવે તો, અર્ત તો સમજી શકાય (ઇશારાની ભાષામાં ય ક્યાં અર્થ નથી સમજી શકાતો!) પરંતુ શણગારહીન સ્ત્રીને જેમ 'બાવળીયા' સાથે સરખાવવામાં આવે છે તેમ માતૃભાષાનું પણ થાય! સામાન્ય વ્યવહારમાં સમજવું અને ઉત્તરોત્તર પ્રગતિ કરતા આ આધુનિક યુગમાં સર્વોચ્ચ સ્થાને નહીં તો, ઉચ્ચસ્થાને રહેવું - એ બંને બાબતો ખૂબ જ ઊંડી વિચારણા માગતો, આત્મચિંતનનો વિષય છે. ગુજરાતમાં માતૃભાષાની કથળતી જતી પરિસ્થિતિ અને અસંદિગ્ધતા - ભરી બાબતો પરત્વે તજ્ઞો, કેળવણીકારો, શૈક્ષણિક ક્ષેત્રના અનુભવી શિક્ષણશાસ્ત્રીઓ અને સંનિષ્ઠ સાહિત્યકારોએ ગંભીરતાથી વિચારવાનનો સમય હવે પાકી ગયો છે.

(સમાપ્ત)